“જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે.”

~ ભગવાન શ્રી સ્વામિનારાયણ





સંવત ૧૮૬૬માં શ્રીજીમહારાજે ગુજરાતના ડભાણ મુકામે મહાવિષ્ણુયાગ કરી પોતાના અત્યંત લાડીલા અનાદિ ધામ રૂપ શિષ્ય મૂળજી શર્માને પોષીપૂર્ણિમાના મહા મંગલકારી દિવસે ભાગવતી દીક્ષા અર્પણ કરી આશીર્વાદ આપ્યા કે, 'ભાદરામાં પ્રગટ થયેલા મૂળજી શર્મા જે અમારું મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ધામ છે, તેમને દીક્ષા આપતાં મને અત્યંત આનંદ થાય છે. એ અક્ષરબ્રહ્મધામ અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત છે. અને તેમાં હું મારા અનંત મુક્તો સાથે રહું છું.'

આ આશીર્વાદની સાથે મૂળજી શર્માની ત્રણ ગુણથી પર અવસ્થાનાં દર્શન કરાવી અપરિમિત માહાત્મ્યનું વર્ણન કરી 'ગુણાતીતાનંદ સ્વામી' નામાભિધાન કર્યું. જીવનના અનેક પ્રસંગે શ્રીજીમહારાજે ગુણાતીતાનંદ સ્વામી સાથેની પોતાની એકતાનાં તથા સ્વામીના અક્ષરબ્રહ્મપણાનાં વર્ણન કર્યાં, પ્રસંગો સર્જ્યા.

'ગુણાતીતાનંદ સ્વામી જેવા કોઈ સાધુ નહીં અને અમ જેવા કોઈ ભગવાન નહીં' એમ જણાવી શ્રીજીમહારાજે અનેક વખત એક સત્ય દઢ કરાવ્યું કે, અમારા વગર ગુણાતીતનું અસ્તિત્વ શક્ય નથી, અને ગુણાતીત વગર અમારું અવતરણ અશક્ય છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની અનાદિ સાધુતાથી સમાગમ કે સંબંધમાં આવેલ પ્રત્યેક જીવને ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરીપણાનો સાક્ષાત્કાર સહજ કરાવી દીધો.

શ્રીજીમહારાજનો ગુણાતીતાનંદ સ્વામી પ્રત્યેનો કલ્પનાતીત પ્રેમ મહારાજના સ્વધામગમન સમયે પણ સહજ અનુભવાયો. મહારાજે સ્વધામ જવાનો પાકો નિશ્ચય કર્યો ત્યારે તેમનો વિરહ સહન ન કરી શકે તેવા સંતો અને ભક્તોને સંજોગો ઊભા કરી પોતાનાથી દૂર કર્યા. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને કહ્યું કે, 'હે મહારાજ ! આ જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામીને આપે તેડાવ્યા છે, તેઓને આપના ઉપર અપાર સ્નેહ છે. પ્રેમવશ તેઓ આપના વિરહની વેદના નહીં જીરવી શકે તેથી તેઓને કૃપા કરી આપ જૂનાગઢ જવાની આજ્ઞા કરો.' તે સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા, 'સ્વામી ! ગુણાતીતાનંદ સ્વામી તો અમારું અક્ષરધામ છે. તે અમારાથી કઈ રીતે જુદા થઈ શકે ? **જ્યાં તે છે ત્યાં હું છું અને જ્યાં હું છું ત્યાં તે છે.**' અંત સમયે પણ અક્ષર અને પુરુષોત્તમની શુદ્ધ સનાતન યુગલ ઉપાસનાનાં દર્શન કરાવી શ્રીજીમહારાજે એ રીતે આપણા સૌનું કલ્યાણ કર્યું.

એ જ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં ગાન ગાતા દિવ્ય અને ભવ્ય મંદિરના નિર્માણ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજના દિવ્ય તત્ત્વને ધારક પ્રગટ સ્વરૂપ સંતભગવંત સાહેબજી તપોભૂમિ બ્રહ્મજ્યોતિ-મોગરી ખાતે કરાવી રહ્યા છે.

સંવત ૨૦૭૫ની પોષીપૂર્ણિમાની મંગલ તિથિએ ગુણાતીતાનંદ સ્વામીના એ દીક્ષાપર્વની સ્મૃતિ કરીએ... યોગીબાપાના સંકલ્પે સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે હૃદય ભગવા કરવાની, ગુણાતીતભાવના દઢ કરવાની સાધના કરતા સાધકોના વ્રતધારણ દિનના માહાત્મ્યને શાશ્વત બનાવીએ...

બ્રહ્મજ્યોતિ ખાતે નિર્માણાધીન નૂતન મંદિર સાકાર કરવાના સેવાકાર્યમાં તન, મન, ધન અને આત્માથી સર્વસ્વનું સમર્પણ કરીએ. ◆